	જનસંપર્ક અધીકારી દ્વારા પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર (P.R.O.) ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩ કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦	

તા.૦૩/૦૩/૨૦૨૨ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- **સમાચાર યાદી નં.૪૦૮/૨૦૨૨**

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૨/૦૩/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૯	૦	૧૨૯	૪૦૩	૦	૪૦૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૪૦૭૪	૦	૮૪૦૭૪	૮૫૦૪૨	૧	૮૫૦૪૩
કુલ		૧૦૦૬૮૨	૦	૧૦૦૬૮૨	૧૦૯૫૭૯	૧	૧૦૯૫૮૦

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૦	૫,૪૬,૪૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૯૬	૯૬,૦૦૦/-

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૦૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૨૯૦ લીટર દેશી દારૂ, ૧૭ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૩૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૧,૦૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૧૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ હેઠળ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૪૧૧/૨૦૨૨**

રામોલઃ કેતનભાઇ રમેશભાઇ પંચાલ (ઉ.વ.૩૪) (રહે. શિવસુખનગર સોસાયટી નિરાંત ચોકડી પાસે વસ્ત્રાલ) એ તા.૦૨/૦૩/૨૦૨૨ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૧૦/૨૦૨૧ થી તા.૧૨/૧૦/૨૦૨૧ સુધીના સમયગાળા દરમયાન મોબાઈલ નંબર ૮૨૭૨૯૮૫૬૫૭ અને ૯૬૩૫૩૬૮૧૦૦ ના ધારકોએ કેતનભાઈ પંચાલને ફોન કરી મુદ્રા લોન ફાઇનાન્સમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી લોન મેળવવા માટે લીંક મોકલતા કેતનભાઈ પંચાલે www..info@onlinemudraloan.org.in નામની વેબસાઇટ ઉપર લોન માટે એપ્લાઇ કરતા લોન પાસ કરી આપવાની લાલચ આપી વ્હોટસએપમા ડોક્યુમેન્ટ મંગાવી લઇ એપ્રુવલ લેટર મોકલી આપી લોન પ્રોસેસ માટે અલગ-અલગ ચાર્જ પેટે તેઓના બેન્ક ખાતામાં કુલ રૂપિયા ૨,૪૩,૯૪૮/- ઓનલાઇન ટ્રાન્સફર કરાવી મેળવી લઈ લોન પાસ નહી કરાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.એસ.કોટવાલ ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૪૧૨/૨૦૨૨**

નરોડાઃ ધીરાભાઈ નાનજીભાઈ સોલંકી (રહે.ધર્મનાથ પ્રભુ સોસાયટી સેન્ટ મેરી સ્કુલની બાજુમાં નરોડા) એ તા.૦૨/૦૩/૨૦૨૨ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૨/૨૦૨૨ સાંજના ૭/૧૫ થી ૭/૩૦ વાગ્યા દરમ્યાન નરોડા જીઆઈડીસી ગેટ નંબર-૧ ની બાજુમા યશ બેંક સામે રિક્ષામાં બેસી શિવ ઈન્ડીયન ગેસ એજન્સીના ગેસના બોટલોનુ વિતરણના બીલો પ્રમાણે ડીલીવરી કરેલ ગેસના બાટલાના પૈસા હેલ્પરો પાસેથી ભેગા કરતા હતા ત્યારે અજાણી વ્યક્તિ રિક્ષામાંથી બેગ ચોરી કરી લઈ ગઈ હતી. જે બેગમાં રોકડ રૂપિયા ૫,૫૦,૦૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એમ.પટેલ ચલાવે છે.

દાઝી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૪૧૩/૨૦૨૨**

વાડજઃ પ્રિયંકાબહેન ડો/ઓ હંસરાજભાઇ પરીહાર (ઉ.વ.૩૦) (રહે.પ્રકાશદીપ એપાર્ટમેન્ટ વ્યાસવાડી નવાવાડજ) તા.૦૧/૦૩/૨૦૨૨ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોઇ બનાવતા હતા ત્યારે આગની જાળ પહેરેલ કપડાને લાગતા દાજી ગયા હતા. સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામા આવ્યા હતા. જ્યા સારવાર દરમ્યાન સાંજના ૬/૪૫ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ શ્રી રમેશભાઇ મુળજીભાઇ ચલાવે છે.

નરોડાઃ નરોડા સ્વામિનારાયણ પાર્ક સામે દિવ્યજીવન સીટી ખાતે રહેતા સંજયભાઇ પટણીનો પોણા બે વર્ષનો પુત્ર આલોક તા.૨૬/૦૨/૨૦૨૨ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે રમતા-રમતા પોતાના ઘરના બાથરુમમા મુકેલ ગરમ પાણીની તપેલી ઉપર પડતા દાજી ગયો હતો. સારવાર માટે તેને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જયાં સારવાર દરમ્યાન તા.૦૨/૦૩/૨૦૨૨ કલાક ૧૦/૪૫ વાગે તેનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેશકુમાર સુકાભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૪૧૪/૨૦૨૨**

વટવાઃ મોન્ટુકુમાર ગિરજાભાઈ યાદવ (ઉ.વ.૪૧) (રહે. સત્યમ એપાર્ટમેન્ટ પી.ડી.પંડ્યા કોલેજ રોડ વટવા) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૩/૨૦૨૨ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૦૨/૦૩/૨૦૨૨ સવારના ૬/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જગદીશસિંહ કલ્યાણસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.